

દેડકો અને ખજાનો

મેક્સ



દેડકો અને ખજાનો



મેક્સ



"ચાલ, નાનું રીંછ, જલ્દી કર અને આપણો નાસ્તો પૂરો કરીએ," દેડકાએ કહ્યું. "આજે આપણે ખજાનો ખોદવા જઈ રહ્યા છીએ!"
"ખજાનો ખોદવા?" નાના રીંછે કહ્યું, "એનો અર્થ શું થાય છે?"
"મારી સાથે આવ અને તને ખબર પડી જશે," દેડકાએ કહ્યું.



"આપણે એક ઊંડો ખાડો ખોદવાના છીએ," તેણે સમજાવ્યું. "આપણે ખોદતા રહીશું, જ્યાં સુધી આપણને ખજાનો ન મળે."
"પણ જો ત્યાં કોઈ ખજાનો ન હોય તો?" નાના રીંછે કહ્યું.
"ખજાનો હંમેશા હોય છે." દેડકાએ કહ્યું. "હું વચન આપું છું."



એકાએક દેડકો અટકી ગયો અને જમીન તરફ ઈશારો કર્યો.
"આ તે જગ્યા છે જ્યાં આપણને ખજાનો મળશે," તેણે કહ્યું. "અહીં જ!"
"તમને કેવી રીતે ખબર પડી?" નાના રીંછે કહ્યું.
"મને ખબર છે," દેડકાએ કહ્યું.



દેડકાએ ખોદવાનું શરૂ કર્યું. નાનું રીંછ પ્રશંસાથી એને જોતું રહ્યું. ખોદકામમાં બહુ મહેનત કરવી પડતી હતી.
થોડી વારમાંજ દેડકો થાકી ગયો. "હવે તારો વારો છે, નાનું રીંછ," તેણે કહ્યું.
નાના રીંછને ખાતરી નહોતી, પણ તેણે કોદાળી હાથમાં લીધી..



...અને બહાદુરીથી તેણે ખોદવાનું શરૂ કર્યું. પણ કોદાળી તેના માટે ખૂબ મોટી અને ભારે હતી.
"આ નકામું છે," થોડી વાર પછી દેડકાએ કહ્યું.
"આપણે આ ઝડપે ખજાનો ક્યારેય નહીં શોધી શકીએ. તે મને પાછી આપી દે."





તેથી નાનું રીંછ દેડકાને વધુ ને વધુ ઊંડો ખોદતા જોતું રહ્યું - જ્યાં સુધી તે ભાગ્યે જ દેખાવા લાગ્યો.
"દેડકા!" નાના રીંછે બોલાવ્યો. "શું હજી કોઈ ખજાનો છે?"


"ના, હજુ સુધી નહીં..." નીચેથી દેડકાનો અવાજ આવ્યો.
"સાવધાન, નાનું રીંછ, અહીં એક પથ્થર આવે છે .." પણ નાનું રીંછ સાંભળી શક્યું નહીં. તે ખાડા તરફ વાંકુ વળ્યું...



... તે પડી ગયું!
ત્યાં તેઓ ઊંડા, અંધારાવાળા ખાડામાં બેઠા.
"મને ભૂખ લાગી છે," નાનું રીંછ બોલ્યું. "મારે ઘરે જવું છે."
"આપણે એમ નહીં કરી શકીએ." દેડકાએ શાંતિથી કહ્યું. "આ ખાડો ખૂબ ઊંડો છે. આપણે બહાર નીકળી શકતા નથી. આપણે ફસાઈ ગયા છીએ."
નાનું રીંછ રડવા લાગ્યું. "શું આપણે હંમેશા અહીં જ રહીશું!" તેણે ચીસ પાડી.



"હું ફરી ક્યારેય ઉંદર સાથે માછલી પકડવા નહીં જઈ શકું અને સસલું મને બહુ યાદ કરશે!"
દેડકો પણ ડરી ગયો હતો. તેને ખબર નહોતી કે નાના રીંછને કેવી રીતે દિલાસો આપવો. "હિંમત રાખ, નાના રીંછ." તેણે કહ્યું. "ચાલો મદદ માટે બૂમ પાડીએ. કોઈ તો ચોક્કસ સાંભળશે."
તેથી, તેઓએ બૂમ પાડી અને બૂમ પાડી - પણ કોઈ આવ્યું નહીં.



પછી દેડકાને બીજો વિચાર આવ્યો. "ચાલો ગાઈએ," તેણે કહ્યું. "ચાલો આપણે ખુશીના ગીત ગાઈએ." ચંદ્ર ઉગ્યો, અને રાત થઈ ગઈ.


દેડકો અને નાનું રીંછ ગાતા રહ્યા, ત્યાં સુધી કે તેઓ એટલા થાકી ગયા કે સૂઈ ગયા, ભલે તેઓ તેમના પોતાના ગરમ, નાના પલંગથી ઘણા દૂર હતા...




બીજા દિવસે વહેલી સવારે, બતક ફરવા ગઈ હતી ત્યારે તેને રેતીનો એક ઢગલો મળ્યો.
"કેટલું બધું જિજ્ઞાસાભર્યું!" તેણીએ કહ્યું. "આ ગઈકાલે અહીં નહોતું!"
પછી તેણીએ ખાડો જોયો અને સુવરને શોધવા ગઈ.



સુવરે ઝૂકીને ખાડામાં બૂમ પાડી, "હેલો? કોઈ છે?"
"હા, અમે છીએ!" દેડકા અને નાના રીંછે એકસાથે બૂમ પાડી. "આ અમે છીએ. દેડકો અને નાનું રીંછ! અમે બહાર નીકળી શકતા નથી!"
"મને લાગે છે કે આપણે ઉંદરને લઈ આવવો જોઈએ," સુવરે કહ્યું.



બતક ઉતાવળે ચાલી ગઈ, અને ઊંચા અવાજમાં બૂમ પાડી. "ઉંદર! ઉંદર. જલ્દી આવ! દેડકો અને નાનું રીંછ એક ખાડામાં ફસાયેલા છે અને તેઓ બહાર નીકળી શકતા નથી!"



ઉંદરને બરાબર ખબર હતી કે શું કરવું. તેણે કોઠારમાંથી સીડી લાધી અને તે અને બતક દુર્ઘટના સ્થળે દોડી ગયા.



ઉંદરે સીડીને ખાડામાં ઉતારી, જે એટલો ઊંડો હતો કે થોડી જ વારમાં સીડી ગાયબ થઈ ગઈ. "ચઢ, નાનું રીંછ!" પ્રાણીઓએ બૂમ પાડી. "અને દેડકા, તારે પણ પાછળ આવવું પડશે! ગભરાશો નહીં. અમે તને મદદ કરીશું!"



કાળજીપૂર્વક, નાનું રીંછ ચઢવા લાગ્યું. જ્યારે તે ખાડાની ટોચની નજીક પહોંચ્યું, ત્યારે તેના મિત્રોએ તેને સુરક્ષિત જગ્યાએ ખેંચી લીધું. પછી દેડકાનો વારો હતો....



જ્યારે દેડકો જમીન ઉપર દેખાયો ત્યારે બધાએ ખુશીથી કહ્યું, "હુર્રરે!" ઉંદરે તેને ખાડામાંથી બહાર કાઢવામાં મદદ કરી અને તેઓએ બૂમ પાડી. "પણ તું ત્યાં શું કરી રહ્યો હતો?" સસલાએ ચિંતાથી પૂછ્યું. "આટલો ઊંડો ખાડો ખૂબ જ ખતરનાક છે.



આપણે તેને તરત જ ભરવો પડશે."
"એ મારી ભૂલ હતી," દેડકાએ શાંતિથી કહ્યું. "મેં નાના રીંછને વચન આપ્યું હતું કે આપણે ખજાનો શોધી કાઢીશું પણ કંઈ મળ્યું નહીં. હવે ફક્ત એક મોટો, નકામો ખાડો છે અને તે બધો મારો વાંક છે."
દેડકો ખૂબ નિરાશ દેખાતો હતો.



"આહ, પણ તમને કોઈક ખજાનો તો મળ્યો હશે," ઉંદરે ગંભીરતાથી કહ્યું, ઘૂંટણિયે પડીને નજીકમાં પડેલો પથ્થર ઉપાડ્યો. "આ પથ્થર દસ કરોડ વર્ષથી પણ જૂનો છે!"

તેણે પોતાની બાંય પર પથ્થર ચમકતો થયો ત્યાં સુધી પોલિશ કર્યો. પછી તેણે તે દેડકાને આપ્યો. દેડકાને પોતાની આંખો પર વિશ્વાસ જ ન આવ્યો. તે ચમકીલા પથ્થરને જોઈને ખુશીથી ઝૂમી ઉઠ્યો.



આભાર, ઉંદર," તેણે ગર્વથી કહ્યું. "પણ મને લાગે છે કે આ નાના રીંછનો ખજાનો છે. હું તેને તે આપીશ - કારણ કે તે ખૂબ બહાદુર હતો, અને કારણ કે મેં વચન આપ્યું હતું!"

સમાપ્ત